# SHREE SOMNATH SANSKRIT UNIVERSITY-VERAVAL

## Syllabus has been revised and the minutes of the meetings of Faculty and Academic Council has been translated in to Hindi.

# श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावल

## एकेडेमिक काउन्सीलकी बैठककी कार्यनोंध

श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी की एकेडेमिक काउन्सील की १६ वी बैठक का आयोजन २७, जून, २०१३ के दिन युनिवर्सिटी के सुधर्मा परिषद् कक्ष में आयोजित हुआ था। इस बैठक में निम्न अनुसार महानुभाव उपस्थित रहे थे।

१ मान. कुलपतिश्री - श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी
२ डॉ. गौतमभाई पटेल
३ डॉ. उर्मीबेन शाह
४ प्रा. निहारिकाबेन पटेल
५ डॉ. राजेन्द्र नाणावटी
६ डॉ.देवेन्द्रनाथ पांडेय
७ प्रा. डाह्याभाई मोकरीया
८ प्रि. हितेन्द्रभाई व्यास
९ प्रा. किर्तनभाई भट्ट
१० प्रि. महेशभाई ठाकर
११ प्रा. भावप्रकाश गांधी
१२ प्रा. कालिदासभाई ठाकर
१३ डॉ.दशरथ जादव - कुलसचिव

१६०२ मान. कुलपतिश्री द्वारा शास्त्री, आचार्य, शिक्षाशास्त्री, पी.जी.डी.सी.ए की कक्षाओं में आते हुए विविध विषयो की विषयो अनुसार अभ्यासक्रम समिति बना कर, बने हुए विविध विषयो के अभ्यासक्रम संकाय के द्वारा मंजूर किया था, उसकी मंजूरी दी गई और तैयार किया हुआ अभ्यासक्रम युनिवर्सिटी में अमल करने का तय किया गया।

REGISTRAR
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમીક કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની ૧૬મી બેઠકનું આયોજન ગત તા. ૨૭ જૂન, ૨૦૧૩નાં રોજ યુનિવર્સિટી સુધર્મા પરિષદ કક્ષા ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી

ડો.ગૌતમભાઈ પટેલ

ડો.ઉર્મીબેન શાહ

પ્રા.નિહારિકાબેન પટેલ

ડો.રાજેન્દ્રભાઈ નાણાવટી

પ્રો.દેવેન્દ્રનાથ પાંડેય

પ્રા.ડાહયાભાઈ મોકરીયા

પ્રિ.હિતેન્દ્રભાઈ વ્યાસ

પ્રા.કિર્તનભાઈ ભટ્ટ

પ્રિ.મહેશભાઈ ઠાકર

પ્રા.ભાવપ્રકાશ ગાંધી

પ્રા.કાલિદાસભાઈ ઠાકર

ડો.દશરથ જાદવ – કુલસચિવશ્રી

૧૬.૦૧ સૌપ્રથમ માનનીય કુલપતિશ્રી ધ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ અને તથા અગાઉ કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ મહાનુભાવોને આપવામાં આવ્યો હતો.

૧૬.૦૨ માન.કુલપતિશ્રી દ્વારા શાસ્ત્રી, આચાર્ય, શિક્ષા શાસ્ત્રી, પી.જી.ડી.સી.એ.ની કક્ષામાં આવતા વિવિધ વિષયનોની વિષય વાઈઝ અભ્યાસક્રમ સમિતિ બનાવી તૈયાર કરવામાં આવેલ વિવિધ વિષયોનાં અભ્યાસક્રમમો ફેકલ્ટી દ્વારા મંજુર કરવામાં આવેલ હોય તેને મંજૂરી આપવામાં આવેલ તથા તૈયાર કરેલ અભ્યાસક્રમોને યુનિવર્સિટીમાં અમલમાં મુકવાનું નકકી કરવામાં આવ્યુ.

REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat).

Scanned with CamScanner

૧૬.૦૩ યુનિવર્સિટી ધ્વારા તૈયાર કરાયેલ પી.જી.ડી.સી.એ.નાં નિયમોને ધ્યાને લઈ અભ્યાસકેન્દ્રો માટે આવેલ નવી તેમજ રીન્યુ માટેની અરજીઓની એલ.આઈ.સી. કરવામાં આવેલ જેમાં એલ.આઈ.સી.નો રીપોર્ટ તથા નિયમોને આધિન જે કેન્દ્રોને માન્યતા આપવાની થાય છે તેને વધુ એક વર્ષ માટે સ્વનિર્ભર ધોરણે અભ્યાસકેન્દ્રની માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યુ તેમજ એલ.આઈ.સી.રિપોર્ટની તેમજ સંબંધિત નિયમોની પૂર્તતા કરવાની બાકી હોય તેવા કેન્દ્રોને પૂર્તતા કર્યેથી માન્યતા આપવાનું નક્કી કરવામાં આવ્યુ તેમજ યુનિવર્સિટીનાં નિયમોમાં પી.જી.ડી.સી.એ. અભ્યાસ કેન્દ્રની માન્યતા આપવા માટે સંબંધિત યુનિવર્સિટીની એન.ઓ.સી. મેળવવા અંગે નિર્ણય કરવામાં આવેલ કે આ બાબતે સરકારશ્રીને દરખાસ્ત કરી આગળની કાર્યવાહી કરવી.

૧૬.૦૪ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયની નિયમાનુસાર નોંધણી ફી રૂા.૫૦૦૦/–દર વર્ષે લેવામાં આવે છે તે જ ફીનું ધોરણ રાખી વધુ એક વર્ષ માટે મહાવિદ્યાલયોને માન્યતા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૧૬.૦૫ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયનાં પ્રાધ્યાપકશ્રીઓને દર વર્ષે એક વર્ષ માટેની શૈક્ષણિક માન્યતા આપવામાં આવે છે તેની જગ્યાએ શાસ્ત્રી–આચાર્યની ભરતીની મંજુરીમાં જે વર્તમાન નિયમો સરકારશ્રી ધ્વારા લાગુ પાડવામાં આવે છે તેને ધ્યાને લઈ દરેક મહાવિદ્યાલયનાં શાસ્ત્રી–આચાર્ય કક્ષાએ અભ્યાસ કરાવવાની લાયકાત ધરાવતા અધ્યાપકશ્રીઓને યુનિવર્સિટીની કાયમી પ્રાધ્યાપકની માન્યતા આપવાનું નક્કી કરવામાં આવ્યુ. જેના માટે પ્રધાનાચાર્યશ્રી પાસેથી વિષયદીઠ પ્રાધ્યાપકની યાદી મેળવી પ્રધાનાચાર્યશ્રીને મંજુરી આપવાનું નક્કી કરવામાં આવ્યુ.

૧૬.૦૬ યુનિવર્સિટી દ્વારા વાર્ષિક આયોજનનાં ભાગ રૂપે શૈક્ષણિક કેલેન્ડર તૈયાર કરવામાં આવેલ જેને બહાલી આપવામાં આવેલ.

૧૬.૦૭ યુનિવર્સિટી દ્વારા એપ્રિલ–૨૦૧૩માં લેવાયેલ વિવિધ પરીક્ષાનાં પરિણામો મેનાં પ્રથમ સપ્તાહમાં ઘોષિત કરવામાં આવેલ છે. જેની બહાલી આપવામાં આવેલ તેમજ સભા ધ્વારા ઓછા સમયમાં તમામ પરીણામો ઘોષિત કરવા બદલ યુનિવર્સિટીનાં કર્મચારી–અધિકારીશ્રીઓ તેમજ મહાવિદ્યાલયનાં સંબંધિત પ્રાધ્યાપકશ્રીઓએ કરેલ કામગિરીની પ્રશંસા કરવામાં આવેલ.

૧૬.૦૮ યુનિવર્સિટીનાં પીએચ.ડી.અભ્યાસક્રમ માટેનાં યુ.જી.સી.ની ગાઈડ લાઈન પ્રમાણે નિતી નિયમો તૈયાર કરવા માટે માન.કુલપતિશ્રી દ્વારા કમિટિનું ગઠન કરવામાં આવેલ છે જે કમિટિ દ્વારા તૈયાર કરવામાં

REGISTRAR,
Shree Somnath Sanskrit University
Dist. Junagadh (Gujarat)

Scanned with CamScanner

આવેલ પીએચ.ડી.નાં નિયમોને બહાલી આપવામાં આવી તેમજ નિયમોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪થી તેનો અમલ કરવા માટેનો નિર્ણય કરવામાં આવેલ. તેમજ યુનિવર્સિટીમાં હાલ જે વિદ્યાર્થીઓ પીએચ.ડી. કરી રહયા છે તેમજ જેને પૂર્ણ કરેલ છે તેવા વિદ્યાર્થીઓને યુ.જી.સી.નાં પીએચ.ડી.રેગ્યુલેશન –૨૦૦૯ મુજબનો કોર્ષ વર્ક કરાવવાનું નકકી કરવામાં આવ્યું.

૧૬.૦૯ રાજય સરકારશ્રી દ્વારા માન્યતા પ્રાપ્ત પાઠશાળાઓમાં શાસ્ત્રી અભ્યાસક્રમ શરૂ કરવા અંગે માન.કુલપતિશ્રી દ્વારા તેનાં નિયમો બનાવવા માટેની કમિટિનું ગઠન કરવામાં આવેલ છે. જે નિયમો તૈયાર કરેલ છે તેને બહાલી આપવામાં આવી તેમજ તૈયાર કરેલ નિયમોને ધ્યાને લઈ આ સબબની આવેલ અરજીઓની એલ.આઈ.સી. કરી મહાવિદ્યાલયની માન્યતા આપવા અંગે નિર્ણય કરવામાં આવ્યો તેમજ જે માન્યતા આપવામાં આવે તેની આગામી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં જાણ કરવાનું નકકી કરવામાં આવ્યુ. મહાવિદ્યાલયોની એલ.આઈ.સી. માટે રૂા.૧૫,૦૦૦/–ને બદલે રૂા.૫,૦૦૦/–ફી લેવાનું નકકી કરવામાં આવ્યુ. તેમજ એલ.આઈ.સી. પુરસ્કાર પી.જી.ડી.સી.એ.માં આપવામાં આવે છે તે મુજબ રૂા.૩૦૦/–આપવાનું નકકી કરવામાં આવ્યું.

૧૬.૧૦ સોલા ભાગવત, અમદાવાદ સ્થિત સ્વનિર્ભર બી.એડ્.કોલેજ હાલ " એમ.સી.બી.એન્ડ કે.જે.ટી.બી.એડ્.કોલેજ, સોલા" નાં નામથી ચાલે છે. જે નામ એન.સી.ટી.ઈ.ની યાદીમાં ન હોય એન.સી.ટી.ઈ.જે નામથી કોલેજની મંજૂરી આપેલ છે તે નામનો પ્રસ્તાવ શ્રી ભાગવત વિદ્યાપીઠ ટ્રસ્ટ, સોલા દ્વારા રાખવામાં આવેલ હોય કોલેજનાં નામમાં ફેરફાર એન.સી.ઈ.આર.ટી.ની યાદીમાં જે નામ છે તે મુજબ કરવાનું નકકી કરવામાં આવ્યુ તેમજ કોલેજે આ અંગેની જાણ સંબંધિત વિભાગ/કચેરીમાં કરશે તેમ નકકી કરવામાં આવ્યુ.

૧૬.૧૧ શ્રી ભાગવત વિદ્યાપીઠ ટ્રસ્ટ, સોલા દ્વારા શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલયમાં યુનિવર્સિટી દ્વારા શોધ કેન્દ્ર તેમજ એમ.એ.નાં જયોતિષ/વાસ્તુનાં વર્ગ શરૂ કરવા માટે દરખાસ્ત કરેલ છે તે અંગે ચર્ચા વિચારણા કરી નકકી કરવામાં આવ્યુ કે યુનિવર્સિટી આગામી સમયમાં નવા અભ્યાસક્રમો શરૂ કરે ત્યારે શ્રીભાગવત વિદ્યાપીઠ–સોલાની ભૌતિક સુવિધાનો ઉપયોગ કરવામાં આવે તેમ નિર્ણય કરવામાં આવેલ.

૧૬.૧૨ યુનિવર્સિટી દ્વારા સ્વનિર્ભર ધોરણે ચાલતા અભ્યાસક્રમો જેવા કે ડિપ્લોમા, એમ.એ., એમ.ફિલ.ની ફી અગાઉ સત્તામંડળમાં નિયત કરવામાં આવેલ છે. જયારે બી.એ.અભ્યાસક્રમ માટેની ફી નિયત

REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)

Scanned with CamScanner

કરવામાં આવેલ ન હોય તેની ફી વાર્ષિક રૂા.૪,૦૦૦/–નિયત કરવામાં આવેલ જે ફી થી વધારે રકમ વિદ્યાર્થી પાસેથી લઈ શકાશે નહીં તેમ ઠરાવવામાં આવ્યુ.

૧૬.૧૩ યુનિવર્સિટીમાં હાલ વાર્ષિક પધ્ધતિથી બાહય પરીક્ષા લેવામાં આવે છે. માહિતી મેળવ્યા મુજબ ગુજરાતની કેટલીક યુનિવર્સિટીએ સેમેસ્ટર સિસ્ટમથી બાહય પરીક્ષા લેવાનું પ્રાવધાન કરેલ છે આ બાબતને ધ્યાને લઈ કમિટીમાં ચર્ચા વિચારણા કરી યુનિવર્સિટી દ્વારા બાહય પરીક્ષા સેમેસ્ટર પધ્ધતિથી લેવા અંગે નિર્ણય કરવામાં આવ્યો તેમજ તેનો અભ્યાસક્રમ રેગ્યુલર વિદ્યાર્થીનાં અભ્યાસક્રમ મુજબનો રહેશે તેમજ બાહય પરીક્ષાઓમાં યુનિવર્સિટીમાં રેગ્યુલર ચાલતા તમામ વિષયોમાં પ્રવેશ આપવો તેમ નિર્ણય કરવામાં આવેલ.

૧૬.૧૪ યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય/કોલેજનાં આચાર્યશ્રીઓની એક દિવસીય બેઠક કરી વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડર, નવો અમલમાં આવેલ શાસ્ત્રી, આચાર્યનો અભ્યાસક્રમ, વહીવટી બાબતોથી માહિતગાર કરવા માટે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવાનું થાય છે તેમજ સંલગ્ન મહાવિદ્યાલયનાં પ્રાધ્યાપકશ્રીઓ માટે ત્રિદિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.

૧૬.૧૫ નવજાગૃતિ ટ્રસ્ટ, વ્યારા દ્વારા સ્વનિર્ભર ધોરણે બી.એ.અભ્યાસક્રમ માટે કોલેજ જોડાણ માટેની દરખાસ્ત આવેલ છે. તો દરખાસ્તને ધ્યાને લઈ અગાઉ સ્વનિર્ભર ધોરણે બનાવેલા નિયમોને ધ્યાને લઈ એલ.આઈ.સી.કરી કોલેજને મંજૂરી આપીએ. વ્યારાએ આદિવાસી વિસ્તાર હોવાનાં કારણે ખાસ કિસ્સામાં ટ્રસ્ટ દ્વારા ભૌતિક સુવિધામાં જરૂર જણાય ત્યાં છુટછાટ આપવાનું પણ નકકી કરવા.. આવ્યું.

૧૬.૧૬ મારૂતિ એજયુકેશન ટ્રસ્ટ, વણાંકબારા(દિવ) ખાતે પી.જી.ડી.સી.એ.અભ્યાસકેન્દ્રનાં જોડાણ માટે આવેલ અરજી બાબતે ચર્ચા કરતા દિવ એ કેન્દ્રશાસિત પ્રદેશ હોય તેમજ યુનિવર્સિટીનાં એકટની જોગવાઈ મુજબ યુનિવર્સિટીનાં જોડાણ માટેનું કાર્યક્ષેત્ર ગુજરાત હોય આ બાબતે સરકારશ્રીનું માર્ગદર્શન મેળવી આગળની કાર્યવાહી કરીએ. તેમજ જોડાણ આપવા અંગે નિર્ણય હાલ પેન્ડીંગ રાખીએ તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૧૬.૧૭ યુનિવર્સિટી દ્વારા પી.જી.ડી.સી.એ.અભ્યાસકેન્દ્રની માન્યતા આપવા અંગેનાં વર્ષ ૨૦૧૧–૧૨માં તૈયાર કરવામાં આવેલા નિયમોમાં યુનિવર્સિટીની ૧૦ કિ.મી.ની ત્રિજયામાં યુનિવર્સિટી દ્વારા અન્ય કોઈ સંસ્થાને પી.જી.ડી.સી.એ. કેન્દ્રની માન્યતા આપવી નહી તેવો નિર્ણય લેવાયેલો છે. તે નિયમોને

REGISTRAR,
Shree ... University

Scanned with CamScanner

યુનિવર્સિટી દ્વારા માન્યતા આપવા બાબતે અનુસરવામાં આવે છે. જે નિયમ અયોગ્ય છે અને રદ કરવો જોઈએ તે સબબનો પત્ર રાજયપાલશ્રીને મળેલ હોય તેઓશ્રીનાં કાર્યાલય દ્વારા આ બાબતે યોગ્ય કરવા જણાવેલ છે. આ બાબત એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકમાં મુકી નિર્ણય કરવામાનો નકકી કરવામાં આવ્યું.

૧૬.૧૮ યુનિવર્સિટી દ્વારા પી.જી.ડી.સી.એ.અભ્યાસકેન્દ્રની માન્યતા આપવા અંગેનાં બનાવેલ નિયમોમાં કેન્દ્રનાં સ્થળ ફેરફાર માટે કેન્દ્ર જે સ્થળે ચાલે છે ત્યાંથી ૧૦ કિ.મી.ની ત્રિજયામાંજ કેન્દ્રને નિયત ફી ભરી એલ.આઈ.સી. કરી સ્થળ ફેરફાર આપવો તેમ નિયમ બનાવેલ છે. તે અંગે એકઝીકયુટિવ કાઉન્સિલ નિર્ણય લે તેમ નકકી કરવામાં આવ્યું.

૧૬.૧૯ ગુજરાત સરકારશ્રી દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીથી ગુજરાતની તમામ કોલેજનાં પ્રાધ્યાપકશ્રીઓ માટે સંસ્કૃત સંભાષણની યોજના કરવા જણાવેલ છે જે અંતર્ગત કાર્યક્રમની રૂપરેખા તેમજ ખર્ચનાં અંદાજો મોકલી આપવાનાં થાય છે. તો આ અંગેની કામગીરી કરવા તેમજ જરૂરી ચર્ચા વિચારણા માટે માન.કુલપતિશ્રી દ્વારા એક કમિટીનું ગઠન કરી આગળની કાર્યવાહી કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૧૬.૨૦ સરકારશ્રી દ્વારા યુનિવર્સિટીની જે શૈક્ષણિક જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. તેને યુ.જી.સી.નાં નિયમાનુસાર એ.પી.આઈ.ને ધ્યાને લઈ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે જે બાબતથી અવગત કરવા આવ્યા તેમજ આગામી નજીકનાં સમયમાં ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય તેવી મહાનુભાવોએ ઈચ્છા વ્યકત કરી.

૧૬.૨૧ મહર્ષિ સાંદિપની વેદ વિદ્યાપીઠ, ઉજ્જૈન દ્વારા આવેલ પત્રમાં તે સંસ્થા તેમજ અત્રેની યુનિવર્સિટીનાં સંયુકત ઉપક્રમે પ્રો.સત્યવ્રત શાસ્ત્રીજી વિષય પર સેમીનારનું આયોજન કરવા જણાવેલ છે તો તે આયોજન અમદાવાદ અથવા વેરાવળ કોઈ એક સ્થળે રાખવાનું નકકી કરવામાં આવ્યું.

૧૬.૨૨ સંસ્કૃત યુનિવર્સિટીનાં રેગ્યુલેશન ૮.૨ ની જોગવાઈ અનુસાર હાલ રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે પ્રવેશ માટેની મહતમ વય મર્યાદા ૩૦ વર્ષ રાખવામાં આવેલ છે. જે અંગે યુનિવર્સિટી સંલગ્ન કોલેજ તેમજ એમ.ફિલ., એમ.એ.યોગનાં વિદ્યાર્થીઓનાં પ્રવેશને ધ્યાને લઈને આ વય મર્યાદામાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવામાં આવી જેમા પ્રવેશની વય મર્યાદા રદ કરી લાયકાત ધરાવનાર તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

REGISTRAR
Shree Somnath Sanskrit University
[illegible] (Gujarat)

Scanned with CamScanner

૧૬.૨૩ સંસ્કૃત કોલેજ, વેરાવળનાં વિદ્યાર્થીઓને સંગીત અભ્યાસક્રમ કરાવવા બાબતે આચાર્યશ્રીનો પત્ર મળેલ છે. જે બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં કોલેજ કક્ષાએ સ્વનિર્ભર ધોરણે ૨૦ વિદ્યાર્થીઓ સર્ટીફીકેટ કોર્ષ કરવા માટે તૈયારી દર્શાવે તો સ્વનિર્ભર ધોરણે રૂ.૧૦૦૦/-ફી લઈ સર્ટીફીકેટ કોર્ષ શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યુ. જેમાં દરેક વિદ્યાર્થી પાસેથી રૂ.૫૦૦/-ફી લેવી અને અન્ય વિદ્યાર્થી દીઠ રૂ.૫૦૦/-ફી યુનિવર્સિટી ભંડોળમાંથી ખર્ચ કરવાનું નકકી કરવામાં આવ્યુ. અધ્યાપન કાર્ય માટે વેરાવળ સ્થિત વિષય તજજ્ઞશ્રીને બોલવવા તેમજ તેમને પ્રતિ કલાક રૂ.૨૦૦/- (ટી.એ. સાથે) પુરસ્કાર આપવો એમ નકકી કરવામાં આવ્યુ.

૧૬.૨૪ યુનિવર્સિટી દ્વારા વિવિધ ડિપ્લોમા અભ્યાસક્રમ માટે જે કેન્દ્રોને માન્યતા આપવામાં આવેલ છે તેમાં.. કેટલાક ડિપ્લોમાકેન્દ્રો માન્યતા આપ્યેથી તેમજ છેલ્લા બે વર્ષથી એકટીવ નથી એટલેકે પ્રવેશ કરતા નથી તેવા કેન્દ્રો અંગે ચર્ચા વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય સિવાયનાં અભ્યાસકેન્દ્રોમાં જેનો પ્રત્યુતર મળેલ નથી તેમજ બે વર્ષથી સુષુપ્ત છે તેવા કેન્દ્રોને છેલ્લો પત્ર લખી બંધ કરવાનું નકકી કરવામાં આવેલ તેમજ જે કેન્દ્રો ઉપર જે અભ્યાસક્રમો ચાલે છે ત્યાં જે વિષય નિષ્ણાંત છે તેની યાદી અને સંમતિ મેળવવા નકકી કરવામાં આવ્યુ.

૧૬.૨૫ શ્રી દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલય, છારોડી ખાતેથી શાસ્ત્રી કક્ષામાં પૂર્વમિમાંશા અભ્યાસક્રમ શરૂ કરવા માટેની દરખાસ્ત મળેલ હતી જે અંગે વિચારણા કરી નિર્ણય કરવામાં આવેલ કે સંસ્થામાં તે વિષયનાં ત્રણ અધ્યાપકશ્રીઓ હોય અને ન્યુનતમ પાંચ વિદ્યાર્થી પ્રવેશ મેળવવા માંગતા હોય તો પૂર્વમિમાંશા અભ્યાસક્રમ શરૂ કરીએ તેમજ અભ્યાસક્રમ બનાવવાની સમિતિ બનાવી આગળના કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવ્યુ.

૧૬.૨૬ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એપ્રિલ-૨૦૧૩ની વિવિધ પરીક્ષાઓમાં પ્રાશ્નીકશ્રીઓ દ્વારા પ્રશ્નપત્ર સેટ કરવામાં અભ્યાસક્રમ બહારનાં પ્રશ્નો, આગળનાં સેમેસ્ટરનાં પ્રશ્નો , પ્રારૂપ પ્રમાણેનાં પ્રશ્નપત્ર ન હોય તેવી ઘણી બાબતો પરીક્ષા દરમ્યાન ધ્યાનમાં આવી છે. જે પ્રાશ્નકશ્રીઓની કામગીરી પ્રત્યેની બેદરકારી સાબિત કરે છે તેમજ ટાઈપીંગ બાદ કક્ષા કન્વીનરશ્રીઓ દ્વારા મુદ્રણ દોષ પણ ઘણા પ્રશ્નપત્રોમાં જાણવા મળેલ છે જે બાબતે થયેલ ભૂલોની ગંભીર નોંધ લેવાંમાં આવી તેમજ હવે થાય તો આગળનાં પગલા લેવા માટેનો વિચાર કરવો તેમજ પરીક્ષાનાં પ્રાશ્નીકશ્રીઓને પરીક્ષાનાં પ્રશ્નપત્રો સેટ કરવા માટે પુરતો સમય મળી રહે તે માટે એડવાન્સમાં કામગિરી કરવી, વિષયવાઈઝ

REGISTRAR,
Shree Somnath Sanskrit University

Scanned with CamScanner

પ્રશ્નપત્રોનું મોડરેશન કરવા માટે ડીનશ્રી ધ્વારા તજજ્ઞની નિયુક્તિ કરવી તેમજ ચેરમેન અને કક્ષાકન્વિનરશ્રીઓની જવાબદારી નક્કી કરી પરીક્ષાની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યુ.

૧૬.૨૭ યુનિવર્સિટીનાં પ્રાશ્નીક તથા મૂલ્યાંકનનાં દરમાં વધારો કરવા માટે સંલગ્ન મહાવિદ્યાલયનાં આચાર્યશ્રીઓની પરીક્ષાની કામગીરી દરમ્યાન રજૂઆતો મળેલ છે તે અંગે વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટીનાં તમામ અભ્યાસક્રમોનાં રેગ્યુલર વિદ્યાર્થીની પરીક્ષા ફીમાં ૨૦ટકા વધારો તેમજ બાહય વિદ્યાર્થીઓમાં ૫૦ ટકા ફી વધારો (રાઉન્ડ ફીગર રાખી) તેમજ પ્રાશ્નીકોનાં દરમાં ૨૦ ટકા પી.જી.નાં મૂલ્યાંકન દરમાં ૨૦ ટકાનો વધારો કરવા નિર્ણય કરવામાં આવ્યો.

૧૬.૨૮ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે બી.એડ્.અભ્યાસક્રમનાં પ્રવેશ મેળવવા આવેલ પત્રમાં એક આવેદનપત્ર અન્ય યુનિવર્સિટીમાં બી.એડ્, એમ.એડ્.કરી પુનઃ બી.એડ્.માં પ્રવેશ મેળવવા માંગે છે તો આ પ્રોફેશનલ અભ્યાસક્રમમાં પુનઃ બી.એડ્.અભ્યાસક્રમાં પ્રવેશ આપવો કે કેમ તે અંગે ચર્ચા કરવામાં આવી જેમાં અન્ય યુનિવર્સિટીમાં બી.એડ. કરેલ હોય(શિક્ષાશાસ્ત્રી નહોય) તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૧૬.૨૯ જુના અભ્યાસક્રમ (સેમેસ્ટર સિસ્ટમ પહેલાનાં) વિદ્યાર્થીઓનો પ્રવેશ તથા પરીક્ષા ક્યાં સુધી લેવી તે અંગે ચર્ચા દરમ્યાન નિર્ણય કરવામાં આવ્યો કે શાસ્ત્રી તેમજ આચાર્ય કક્ષાનાં વિદ્યાર્થીઓની પરીક્ષા એપ્રિલ–૨૦૧૪ સુધી લેવાનું નક્કી કરવામાં આવ્યુ તેમજ એમ.ફિલ.માં જુના વિદ્યાર્થીઓને મહતમ પાંચ વર્ષમાં એમ.ફિલ પૂર્ણ કરવાનું નક્કી કરવામાં આવ્યુ. ત્યારબાદ પ્રવેશ રદ કરવાપાત્ર બનશે.

૧૬.૩૦ સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓનાં પ્રવેશ મેળવ્યા બાદ તેનો પ્રવેશ ચાલુ રાખવા માટેનો મહત્તમ ગાળો અભ્યાસક્રમ દીઠ નિયત કરવાની ચર્ચા દરમ્યાન યુનિવર્સિટીનાં તમામ અભ્યાસક્રમોનો મહતમ સમયગાળો નીચે મુજબનો નિયત કરવામાં આવેલ.

(૧) શાસ્ત્રી કક્ષાઃ– (સેમેસ્ટર ૧–૬) સેમેસ્ટર પાંચ તથા છની મુળ પરીક્ષા બાદ બે પરીક્ષા
(૨) આચાર્ય કક્ષાઃ– (સેમેસ્ટર ૧–૪) સેમેસ્ટર ત્રણ અને ચાર ની મુળ પરીક્ષા બાદ બે પરીક્ષા
(૩) એમ.ફિલ અભ્યાસક્રમઃ– પ્રવેશ મેળવ્યેથી બે વર્ષમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવો. (થીસીસ ત્રણ વર્ષમાં જમા કરાવવાનો રહેશે.)
(૪) બી.એડ. અભ્યાસક્રમઃ– પ્રવેશ મેળવ્યેથી બે વર્ષમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવો.
(૫) પ્રમાણપત્ર અભ્યાસક્રમઃ– પ્રવેશ મેળવ્યેથી બે વર્ષમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવો.
(૬) ડિપ્લોમા અભ્યાસક્રમઃ– પ્રવેશ મેળવ્યેથી બે વર્ષમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવો.
(૭) પી.જી.ડીપ્લોમાઃ– પ્રવેશ મેળવ્યેથી બે વર્ષમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવો.

REGISTRAR,
Shree Somnath Sanskrit University

Scanned with CamScanner

૧૬.૩૧ શ્રી ઉન્નતપુરમ સંસ્કૃત મહાવિદ્યાલયમાં લેવાયેલ ડિપ્લોમા પરીક્ષામાં મહાવિદ્યાલય દ્વારા આચરેલ ગેરરીતિ બાબતે ચર્ચા કરવામાં આવી તેમજ સમિતિનાં રિપોર્ટને ધ્યાને લઈ રિપોર્ટમાં સૂચવ્યા મુજબ કાર્યવાહી કરવા તેમજ જે તે પરીક્ષા કેન્દ્રો પર ગેરરીતિ આચરવામાં આવતી હોય ત્યાં યુનિવર્સિટી દ્વારા જ પરીક્ષાનું આયોજન/ગેરરીતિ ન થાય તે માટે પગલા ભરવાનું નક્કી કરવામાં આવ્યુ.

૧૬.૩૨ ચાલુ વર્ષે શાસ્ત્રી કક્ષાનાં સેમેસ્ટર-૬ની પરીક્ષા પૂર્ણ થઈ હોય વિદ્યાર્થીને આપવાની થતી ફાઈનલ માર્કશીટ તૈયાર કરી વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે તે ફોર્મેટને બહાલી આપવામાં આવી.

૧૬.૩૩ શાસ્ત્રી, આચાર્ય કક્ષામાં જે તે વિષયમાં પુનઃ પ્રવેશ મેળવવા અંગેની નિતી બનાવવા અંગે ચ કરવામાં આવી જેમાં નિર્ણય કરવામાં આવ્યો કે જે તે વિષયમાં ડિગ્રી મેળવ્યા બાદ પણ વિદ્યાર્થી એ જ વિષયમાં પ્રવેશ મેળવવા માંગે તો આપવાનું નક્કી કરવામાં આવ્યુ.

૧૬.૩૪ સ્નાતક, અનુસ્નાતકનાં વિદ્યાર્થીઓને પરીક્ષાનાં પરિણામ બાદ જરૂરી સબંધની કામગીરી માટે પાસ થયા બાદ "પ્રવ્રજન પ્રમાણપત્ર" આપવા બાબતે નિર્ણય કરવામાં આવેલ કે હાલમાં યુનિવર્સિટી દ્વારા આ પ્રમાણપત્ર આપવામાં આવે છે તો તે જે તે કોલેજ, યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ, મહાવિદ્યાલયનાં પ્રધાનાચાર્યશ્રી/અધ્યક્ષ દ્વારા હવે પછીથી આપવામાં આવે તેવો નિર્ણય કરવામાં આવ્યો.

**મહાનુભાવો ધ્વારા રજૂ થયેલ મુદાઓઃ-**

૧૬.૩૫ ડી.લિટની ડિગ્રી આપવા અંગે તેમજ તે સબબની કાર્યપ્રણાલી માન.કુલપતિશ્રીની કક્ષાએ નક્કી કરી અને આગામી એક્ઝીક્યુટિવ કાઉન્સિલમાં બહાલી અર્થે મુકવા નક્કી કરવામાં આવ્યુ.

૧૬.૩૬ યુનિવર્સિટી કક્ષાએ વૈદિક સંશોધન કેન્દ્ર બનાવવા અંગે સભ્યશ્રીઓ ધ્વારા રજૂઆત થતા આ બાબતે સરકારશ્રીને પ્રપોઝલ મોકલવાનો નિર્ણય કરવામાં આવેલ.

૧૬.૩૭ એકેડેમિક કાઉન્સિલનાં મહાનુભાવો ધ્વારા સીટીંગ એલાઉન્સ આપવા બાબતે રજૂઆત થતા સદર બાબતને માન.કુલપતિશ્રી ધ્વારા આગામી એક્ઝીક્યુટિવ કાઉન્સિલમાં મુદા તરીકે સમાવેશ કરી ચર્ચા કરી નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવ્યુ.

Scanned with CamScanner

# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी, वेरावल,
## सभी संकाय की संयुक्त कार्यनोंध

---

श्रीसोमनाथ संस्कृत विश्वविद्यालय, वेरावल की सभी संकाय (साहित्य, व्याकरण, वेद-वेदांग,दर्शन, अभिनव ज्ञान विज्ञान, पुराण और शिक्षाशास्त्री) की एक बैठक दि. ०१.०५.२०१७ के दिन साम ०५:०० बजे सभाखण्ड में सभी संकाय के अध्यक्षों की अध्यक्षता में सभी संकाय के सदस्यों की उपस्थिति में आयोजित की थी।

इस बैठक में नीम्न लिखित बिन्दुओं पर चर्चा की गई थी और यें बिन्दुओं निश्चित कियें है उसको दि: ०२.०५.२०१७ की एकेडेमीक काउन्सिल की बैठक में प्रस्तुत करने का है।

१. विश्वविद्यालय द्वारा शैक्षिक वर्ष २०१३ से नये अभ्यासक्रम का प्रारंभ किया था। यु.जी.सी.के मार्गदर्शन अनुसार प्रति तीन वर्ष में अभ्यासक्रम का परिवर्तन अथवा उसमें आंशिक परिवर्तन करना आवश्यक है , इसलिए आगामी शैक्षिक वर्ष २०१७ से शास्त्री-आचार्य कक्षाओं के अभ्यासक्रम का परिवर्तन करने का ए.सी.की बैठक में तय किया गया था। तदनुसार मान. कुलपतिश्री की सुचना से सभी संकाय के अध्यक्षों ने विषयनिष्णांतश्रीओं को बुलाकर अपनी अपनी संकाय का अभ्यासक्रम तैयार किया है।

   वह निर्मित अभ्यासक्रम को आज की संकाय की बैठक में प्रस्तुत किया था और संकाय के सभी अध्यक्षों और सदस्यों ने अभ्यासक्रम ठीक है ऐसा सुचित कीया और अग्रीम शैक्षिकसत्र, जून-२०१७ से शास्त्री प्रथम वर्ष से और आचार्य प्रथम वर्ष से प्रारंभ करने का तय हुआ और अग्रीम वर्षो में क्रमश: अभ्यासक्रम का अमल किया जाय एषा तय हुआ।

२. शास्त्री कक्षा में अनिवार्य प्रश्नपत्र क्रमांक-१, जो गत वर्ष में तीनों कक्षाओं (शास्त्री-प्रथम,द्वितीय,तृतीय) में तय किया था वह अनिवार्य प्रश्नपत्र अग्रीम वर्षो में रहेंगा। उसमें कोई भी परिवर्तन नहीं किया जायेगा।

३. अग्रीम शैक्षिक वर्ष, २०१७ से शास्त्री कक्षा के प्रश्नपत्र की संख्या ८ की थी उसके स्थान पर ७ किया गया है। जिस में

| | |
|---|---|
| १. प्रश्नपत्र क्रमांक -१ | - अनिवार्य संस्कृत |
| २. प्रश्नपत्र क्रमांक -२ | - अंग्रेजी-कम्प्युटर |
| ३. प्रश्नपत्र क्रमांक -३ | - गुजराती अथवा हिन्दी |
| ४. प्रश्नपत्र क्रमांक -४ | - समाजशास्त्र, अर्थशास्त्र, इतिहास, प्राच्य अर्थशास्त्र एवं राजनीतिशास्त्र |
| ५. प्रश्नपत्र क्रमांक -५ | - मुख्यविषय (विश्वविद्यालयमें चलते हुये विषयों) |

REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)

६. प्रश्नपत्र क्रमांक -६ - मुख्यविषय (विश्वविद्यालयमें चलते हुये विषयों)

७. प्रश्नपत्र क्रमांक -७ - गौणविषय (विश्वविद्यालयमें चलते हुये विषयों और - संस्कृतसंभाषण)

एवं आचार्य कक्षा में ६ प्रश्नपत्रों के स्थान पर ५ करने का तय किया गया है।

१. प्रश्नपत्र क्रमांक -१ - अनिवार्य संस्कृत

२. प्रश्नपत्र क्रमांक -२ - मुख्यविषय (विश्वविद्यालयमें चलते हुये विषयों)

३. प्रश्नपत्र क्रमांक -३ - मुख्यविषय (विश्वविद्यालयमें चलते हुये विषयों)

४. प्रश्नपत्र क्रमांक -४ - मुख्यविषय (विश्वविद्यालयमें चलते हुये विषयों)

५. प्रश्नपत्र क्रमांक -५ - गौणविषय (विश्वविद्यालयमें चलते हुये विषयों)

४. मान. कुलपतिश्री की अध्यक्षता में दिनांक-२९.०४.२०१७ के दिन अध्यक्षश्रीओं की बैठक में तय हुआ था उस के अनुसार शास्त्री एवं आचार्य कक्षाओं में जीस प्रश्नपत्र का प्रारूप निर्माण हुआ है वह उस के साथ संलग्न है। उस प्रारूप के अनुसार संस्कृत के सभी विषय मे एक समान यह प्रारूप रखने का तय हुआ एवं अभिनव ज्ञान विज्ञान संकाय के विषयों-जैसे कि, गुजराती, हिन्दी, अंग्रेजी, कम्प्युटर, समाजशास्त्र, अर्थशास्त्र, इतिहास और प्राच्य अर्थशास्त्र एवं राजनीतिशास्त्र का प्रारूप विषयसंबंधित अध्यापको द्वारा दीया गया है उसके अनुसार रखा जाय ऐसा तय हुआ।

५. पर्यावरण का अभ्यासक्रम शास्त्री प्रथम वर्ष के दुसरे सत्र में लागु किया जाय और उसकी उत्तर की भाषा गुजराती, हिन्दी, संस्कृत रखी जाय-ऐसा तय हुआ।

६. अभी जो अभ्यासक्रम २०१७ से शुरु होने वाला है वह अभ्यासक्रम की कक्षा अनुसार कुल-५ (पांच) कक्षा की ५ (पांच) पुस्तिकायें बनाई जाय-ऐसा तय हुआ।

८. संस्कृतसंभाषण विषय को प्रश्नपत्र क्रमांक-४ में से गौण प्रश्नपत्र क्रमांक-७ में समावेश किया है। संस्कृतसंभाषण का समावेश किस संकाय में किया जाय वह ए.सी.की समिति मे निश्चित करने का सभी सदस्यों ने सुचन किया।

९. अभिनव ज्ञान विज्ञान संकाय में समाविष्ट गुजराती, हिन्दी विषय की भाषा वह ही रहेंगी। किन्तु छात्र समाजशास्त्र, अर्थशास्त्र और इतिहास की भाषा गुजराती, हिन्दी अथवा संस्कृत रख सकते है। एवं प्राच्य अर्थशास्त्र एवं राजनीति शास्त्र विषय की भाषा शास्त्री प्रथम वर्ष में गुजराती रहेंगी और उसके बाद अनिवार्य रूप से संस्कृत भाषा रहेंगी।

१०. शिक्षाशास्त्री संकाय में अभी जों अभ्यासक्रम पढाया जाता है वह अभ्यासक्रम गत वर्ष में ही बना हुआ है, इसलिए उस में कोई परिवर्तन करने की आवश्यकता नहिं है। वह अभ्यासक्रम यथावत रखा जाय।

REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## તમામ ફેકલ્ટીની સંયુકત કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની તમામ ફેકલ્ટી(સાહિત્ય, વ્યાકરણ, વેદ–વેદાંગ, દર્શન, અભિનવ જ્ઞાન વિજ્ઞાન, પુરાણ તથા શિક્ષાશાસ્ત્રી) ની એક બેઠક તા.૦૧/૦૫/૨૦૧૭નાં રોજ સાંજે ૦૫:૦૦ કલાકે કોન્ફરન્સ હોલમાં તમામ ફેકલ્ટી ડીનશ્રીની અધ્યક્ષતામાં તમામ ફેકલ્ટીનાં સભ્યશ્રીઓની હાજરીમાં આયોજિત કરવવામાં આવી.

આ બેઠકમાં નીચે મુજબનાં મુદાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી અને જે મુદ્દાઓ નકકી કરવામાં આવેલા છે જે તા.૦૨/૦૫/૨૦૧૭ની એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં રજૂ કરવાનાં થાય છે.

(૧) યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૩થી નવો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ હતો યુ.જી.સી.ની ગાઈડલાઈન પ્રમાણે દર ત્રણ વર્ષે અભ્યાસક્રમ બદલવો અથવા તેમાં આંશિક ફેરફાર કરવા જરૂરી હોય આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭થી શાસ્ત્રી–આચાર્ય કક્ષાનો અભ્યાસક્રમ બદલવાનું એ.સી.ની બેઠકમાં નકકી કરવામાં આવેલ હતું.તે પ્રમાણે માન.કુલપતિશ્રીની સુચનાથી તમામ ફેકલ્ટીનાં ડીનશ્રીઓએ વિષય નિષ્ણાંતશ્રીઓને બોલાવી પોતાની ફેકલ્ટીનો અભ્યાસક્રમ તૈયાર કરેલ છે.

આ તૈયાર કરેલ અભ્યાસક્રમને આજની ફેકલ્ટી બેઠકમાં રજૂ કરવામાં આવ્યો અને તમામ ડીનશ્રીઓ તથા ફેકલ્ટી સભ્યશ્રીઓએ આ અભ્યાસક્રમ બરાબર છે તેમ જણાવેલ અને આગામી શૈક્ષણિક સત્ર જૂન–૨૦૧૭થી શાસ્ત્રી પ્રથમ વર્ષ અને આચાર્ય પ્રથમ વર્ષમાં શરૂ કરવો તેમ નકકી થયું તેમજ આગામી વર્ષોમાં ક્રમશઃ અભ્યાસક્રમ લાગુ કરવો તેમ નકકી થયું.

(૨) શાસ્ત્રી કક્ષામાં અનિવાર્ય પેપર નં.૧ જે ગત વર્ષે ત્રણેય કક્ષા(શાસ્ત્રી પ્રથમ, દ્વિતીય, તૃતીય)માં નકકી કરેલ છે તે જ અનિવાર્ય પેપર આગામી વર્ષોમાં રહેશે તેમાં કોઈ પણ ફેરફાર કરવામાં આવતો નથી.

(૩) આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭ થી શાસ્ત્રી કક્ષામાં પેપર ની સંખ્યા ૮ ની જગ્યાએ ૭ કરવામાં આવેલ છે જેમાં

(૧) પેપર નં. ૧ – અનિવાર્ય સંસ્કૃત

(૨) પેપર નં. ૨ – અંગ્રેજી–કમ્પ્યુટર

(૩) પેપર નં. ૩ –ગુજરાતી અથવા હિન્દી

(૪) પેપર નં. ૪ – સમાજ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, પ્રાચ્ય અર્થશાસ્ત્ર એવં રાજનિતી શાસ્ત્ર

(૫) પેપર નં. ૫ – મુખ્ય વિષય (યુનિવર્સિટીમાં ચાલતા વિષયો)

(૬) પેપર નં. ૬ – મુખ્ય વિષય (યુનિવર્સિટીમાં ચાલતા વિષયો)

(૭) પેપર નં. ૭ – ગૌણ વિષય (યુનિવર્સિટીમાં ચાલતા વિષયો તથા સંસ્કૃત સંભાષણ)

REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)

Scanned with CamScanner

તેમજ આચાર્ય કક્ષામાં ૬ની જગ્યાએ ૫ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

(૧) પેપર નં. ૧ – અનિવાર્ય સંસ્કૃત

(૨) પેપર નં. ૨ – મુખ્ય વિષય (યુનિવર્સિટીમાં ચાલતા વિષયો)

(૩) પેપર નં. ૩ – મુખ્ય વિષય (યુનિવર્સિટીમાં ચાલતા વિષયો)

(૪) પેપર નં. ૪ – મુખ્ય વિષય (યુનિવર્સિટીમાં ચાલતા વિષયો)

(૫) પેપર નં. ૫ – ગૌણ વિષય (યુનિવર્સિટીમાં ચાલતા વિષયો )

(૪) માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા.૨૯/૦૪/૨૦૧૭નાં રોજની ડીનશ્રીની બેઠકમાં નક્કી થયા મુજબ શાસ્ત્રી કક્ષા તથા આચાર્ય કક્ષામાં જે પ્રશ્નપત્રનું પ્રારૂપ તૈયાર કરવામાં આવેલ છે તે આ સાથે સામેલ છે તે પ્રારૂપ પ્રમાણે સંસ્કૃતનાં તમામ વિષયોમાં એક સમાન આ પ્રારૂપ રાખવું તેમ નક્કી થયું. જ્યારે અભિનવ જ્ઞાન વિજ્ઞાન સંકાયમાં આવતા વિષયો જેવા કે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, કમ્પ્યુટર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, પ્રાચ્ય અર્થશાસ્ત્ર એવં રાજનીતી શાસ્ત્રનું પ્રારૂપ જે તે વિષય નિષ્ણાંતશ્રીએ આપેલું છે તે પ્રમાણે રાખવું તેમ નક્કી થયું .

(૫) પર્યાવરણનો અભ્યાસક્રમ શાસ્ત્રી પ્રથમ વર્ષનાં બીજા સેમેસ્ટરમાં લાગુ કરવો અને તેમની ઉત્તરની ભાષા ગુજરાતી, સંસ્કૃત, હિન્દી રાખવી તેમ નક્કી કરવામાં આવ્યું.

(૬) હાલ જે અભ્યાસક્રમ ૨૦૧૭થી શરૂ કરવાનો છે તે અભ્યાસક્રમની કક્ષા વાઈઝ કુલ ૫(પાંચ) કક્ષાની ૫ (પાંચ) બુક બનાવવી તેમ નક્કી કરવામાં આવ્યું.

(૭) શાસ્ત્રી કક્ષામાં જે મુખ્ય પેપર નંબર ૫(પાંચ) છે તે જ પેપરને ગૌણ પેપર નં. ૭માં રાખવું તેમ નક્કી કરવામાં આવ્યું .

(૮) સંસ્કૃત સંભાષણ વિષયને પેપર નંબર ૪ માંથી ગૌણ પેપર નં.૭માં સમાવેશ કરેલ છે અને સંસ્કૃત સંભાષણને કઈ ફેકલ્ટીમાં સમાવેશ કરવો તે એ.સી.ની બેઠકમાં નક્કી કરવું તેમ તમામ સભ્યશ્રીઓએ સુચન કર્યુ.

(૯) અભિવન જ્ઞાન વિજ્ઞાન સંકાયમાં આવતા ગુજરાતી, હિન્દી વિષયની ભાષા તે જ રહેશે. જ્યારે સમાજ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ઈતિહાસની ભાષા વિદ્યાર્થી ગુજરાતી, હિન્દી અથવા સંસ્કૃત રાખી શકશે. જ્યારે પ્રાચ્ય અર્થશાસ્ત્ર એવં રાજનીતિ શાસ્ત્ર વિષયની ભાષા શાસ્ત્રી પ્રથમ વર્ષમાં ગુજરાતી રહેશે ત્યાર બાદ ફરજીયાત સંસ્કૃત ભાષા રહેશે.

(૧૦) શિક્ષાશાસ્ત્રી સંકાયમાં હાલ જે અભ્યાસક્રમ ભણાવવામાં આવે છે તે અભ્યાસક્રમ ગત વર્ષે જ તૈયાર કરવામાં આવેલ હોય તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂરીયાત જણાતી નથી. તે યથાવત રાખવામાં આવે છે.

પ્રો.વિનોદકુમાર ઝા

પ્રો.અર્ચનાબેન દુબે

ડો.શત્રુઘ્ન પાણીગ્રહી

ડો.વસુમતિબેન દવે

ડો.એન.એલ.પંડયા

ડો.અમૃતલાલ ભોગાયતા

ડો.જાનકીશરણઆચાર્ય

Scanned with CamScanner

# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी, वेरावल
# एकेडेमीक काउन्सील बैठक
# कार्यनोंध

श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटीकी एकेडेमीक काउन्सीलकी २५ वी बैठक दिनांक ०२.०५.२०१७ को युनिवर्सिटी कोन्फरन्स होल में आयोजित की गई थी। इस बैठकमें निम्नानुसार महानुभाव उपस्थित थे।

(१) मान.कुलपतिश्री- अध्यक्षश्री
(२) डो.हर्षदेवमाधव
(३) डो.राजेश सी. व्यास
(४) डो. मेहुलभाई शाह
(५) विजयभाई पण्ड्या
(६) श्री गोविन्दभाई पटेल
(७) डो.कमलेशकुमार चोक्सी
(८) डो. कान्तिभाई भट्ट
(९) डो.वसुमतीबेन दवे
(१०) डो.ललितभाई पटेल
(११) डो.शत्रुघ्न पाणिग्रही
(१२) प्रो.विनोदकुमार झा
(१३) डो.अर्चनाबेन दुबे
(१४) डो.अमृतलाल भोगायता
(१५) डो.दशरथ जादव (का.कुलसचिव)

२५.०२ युनिवर्सिटी की सभी फेकल्टी द्वारा तैयार किये गये अभ्यासक्रमोंको मान्यता दी गई एवं दिनांक-०१.०५.२०१७ को हुई सभी फेकल्टी की संयुक्त बैठकमें लिए गए निर्णयों को बहाली दी गई। शास्त्री अभ्यासक्रममें पेपर क्रमांक -७ में गौणविषयमें सम्मिलित (संस्कृतसम्भाषण) क्रियात्मक संस्कृत शिक्षण को किस फेकल्टी में रखा जाय इस विषय में माननीय कुलपतिश्री को निर्णय करने की सत्ता दी गई।

REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)

Exam - A.C. - 25

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમીક કાઉન્સિલ બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલની ૨૫મી બેઠકનું આયોજન તા.૦૨ મે, ૨૦૧૭નાં રોજ યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
(૨) ડૉ.હર્ષદેવ માધવ
(૩) ડૉ.રાજેશ સી. વ્યાસ
(૪) ડૉ.મેહુલભાઈ શાહ
(૫) ડૉ.વિજયભાઈ પંડયા
(૬) શ્રી ગોવિંદભાઈ પટેલ
(૭) ડૉ.કમલેશકુમાર ચોકસી
(૮) ડૉ.કાંતિભાઈ ભટ્ટ
(૯) ડૉ.વસુમતિબેન દવે
(૧૦) ડૉ.લલિતભાઈ પટેલ
(૧૧) ડૉ.શત્રુઘ્ન પાણીગ્રહી
(૧૨) પ્રો.વિનોદકુમાર ઝા
(૧૩) ડૉ.અર્ચનાબેન દુબે
(૧૪) ડૉ.અમૃતલાલ ભોગાયતા
(૧૫) ડૉ.દશરથ જાદવ (કા.કુલસચિવ)

૨૫.૦૧ સૌપ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનુ સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ તા.૨૨/૧૨/૨૦૧૬ થી તા.૦૧/૦૫/૨૦૧૭ સુધી કરેલ એકેડેમીક કામગિરીનો વિસ્તૃત અહેવાલ મહાનુભાવોને આપવામાં આવ્યો હતો,

૨૫.૦૨ યુનિવર્સિટીની તમામ ફેકલ્ટી દ્વારા તૈયાર કરવામાં આવેલા અભ્યાસક્રમોને માન્યતા આપવામાં આવી તેમજ તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ તમામ ફેકલ્ટીની સંયુકત બેઠકમાં લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી. શાસ્ત્રી અભ્યાસક્રમમાં પેપર નં.૦૭ માં ગૌણ વિષયમાં સંમેલિત (સંસ્કૃત સંભાષણ) ક્રિયાત્મક સંસ્કૃત શિક્ષણને કઈ ફેકલ્ટીમાં મુકવો તે અંગે માનનીય કુલપતિશ્રીને નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી.

૨૫.૦૩ યુનિવર્સિટીના પી.જી.ડી.સી.એ. તેમજ નવા ડિપ્લોમાં કેન્દ્રોની થયેલ એલ.આઈ.સી.ના રીપોર્ટને આધારે શૈક્ષણિક વર્ષઃ૨૦૧૭–૧૮નાં વર્ષ માટે સ્વનિર્ભર ધોરણે એક વર્ષની માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું. તેમજ પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમની માન્યતામાં ભાડાના મકાનોમાં ચલાવતા કેન્દ્રોને અગાઉ લેવાયેલ નિર્ણય મુજબ તેઓને માન્યતા પત્રમાં અવગત કરવા જેથી તેઓ કેન્દ્ર ચલાવવા અંગે ઉચિત નિર્ણય લઈ શકે.



REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)

Scanned with CamScanner

૨૫.૦૪ એન.એસ.પટેલ આર્ટસ કોલેજ, આણંદ તથા શ્રી ભારતીય તત્વજ્ઞાન મંદિર, મોડાસાની તપાસ કરવામાં આવ્યેથી તે તપાસ સમિતિનાં અહેવાલને આધારે જોડાણ ચાલુ રાખવા અંગેનો નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવી.

૨૫.૦૫ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયો, કોલેજો તેમજ પી.જી.ડી.સી.એ. કેન્દ્રોની ગત વર્ષે લેવામાં આવેલ વાર્ષિક નોંધણી ફી લઈ શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ની શૈક્ષણિક માન્યતા આપવા ઠરાવવામાં આવ્યું તેમજ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયોને કાયમી જોડાણ આપવા અંગે ચર્ચા વિચારણા કરતા માનનીય કુલપતિશ્રી દ્વારા એક કમિતિનું ગઠન કરી કાયમી જોડાણ અંગે અહેવાલ બનાવી ચર્ચા-વિચારણા કરવા માટે આગામી સત્તા મંડળમાં મુકવાનું ઠરાવવામાં આવ્યું.

૨૫.૦૬ યુનિવર્સિટી દ્વારા સ્વનિર્ભર ધોરણે માન્યતા આપેલ ડિપ્લોમાં અભ્યાસ કેન્દ્રો પાસેથી દર વર્ષે કેન્દ્રની નિયત ફોરર્મેટમાં પ્રોફાઈલ મંગાવીને નિયમનાસુરની વિગતો ચેક કરી માન્યતા આપવી તેમજ તેઓ પાસેથી વાર્ષિક નોંધણી ફી રૂ.૩૦૦૦/- લેવી તેમ ઠરાવવામાં આવ્યું.

૨૫.૦૭ શ્રી એસ.કે.પટેલ શાંડિલ્ય ઋષિ સંસ્કૃત મહાવિદ્યાલય,સુરતને આ વર્ષે સરકારશ્રીએ શાસ્ત્રી કક્ષાની માન્યતા આપેલ હોય તેને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮નાં વર્ષથી શાસ્ત્રી પ્રથમ વર્ષની યુનિવર્સિટી દ્વારા સ્વનિર્ભર ધોરણે આપવામાં આવેલી માન્યતાને બહાલી આપવામાં આવી.

૨૫.૦૮ આગામી શૈક્ષણિક વર્ષ: ૨૦૧૭-૧૮નાં વર્ષનું વાર્ષિક કેલેન્ડર તૈયાર કરવા માટે યુનિવર્સિટી કક્ષાએ કમિતિ બનાવી કેલેન્ડર તૈયાર કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

૨૫.૦૯ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષામાં પાસ થયેલા ૧૮ વિદ્યાર્થીઓનો નિયમાનુસારનો કોર્ષવર્ક નિયત કરેલા ૬૦ કલાકનો કોર્ષવર્ક સળંગ ૧૦ દિવસમાં પૂર્ણ કરવો. આ કોર્ષવર્કનું આયોજન આગામી જુન માસમાં કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

૨૫.૧૦ એમ.ફિલ.અભ્યાસક્રમમાં પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓમાં જેઓને પાંચ વર્ષ પુરા થયેલા છે અને થીસીસ જમા કરાવેલ નથી તેઓના પ્રવેશ રદ કરી તેઓને જાણ કરવી તેમજ યુજીસીના નવા નિયમાનુસાર એમ.ફિલ. અભ્યાસક્રમનો મહત્તમ સમયગાળો ૨(બે) વર્ષનો રાખવાનું ઠરાવવામાં આવ્યું જેમાં એક વર્ષ તેમનાં અભ્યાસક્રમનું અને ત્યારબાદ એક વર્ષ વધારાનું આમ પ્રવેશ મેળવે તે વર્ષથી બે વર્ષ અને આ નિયમની અમલવારી શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮થી કરવાની રહેશે.

૨૫.૧૧ યુનિવર્સિટી કક્ષાએથી થતા કેટલાક પત્ર વ્યવહાર, પરીક્ષા આવેદનપત્ર, પરીક્ષા પ્રશ્નપત્રોની થેલીઓ પરનું લખાણ, પરીક્ષાને લગતી સામગ્રી વગેરે સંસ્કૃત ભાષામાં જ થાય તે બાબતે ચર્ચા- વિચારણા કરતા યુનિવર્સિટીના વહીવટી કામગીરીના પત્રો સિવાય જ્યાં શકય બની શકે ત્યાં ખાસ કરીને પ્રિન્ટીગ સામગ્રીમાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરવો તેમ નકકી કરવામાં આવ્યું.



REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval. Dist. Junagadh (Gujarat)

Scanned with CamScanner

૨૫.૧૨ યુનિવર્સિટીનાં પરીક્ષા કેન્દ્રોની સંખ્યા ઓછી કરવા બાબતે ચર્ચા–વિચારણાના અંતે નિર્ણય કરવામાં આવ્યો કે જે પરીક્ષા કેન્દ્રમાં ૧૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ હોય (એક દિવસના એક સેશન દીઠ) ત્યાં પરીક્ષા કેન્દ્ર ન આપવું,અને નજીકના ૨૫ (પચીસ) કિલોમીટરના અંતરમાં આવતા અન્ય પરીક્ષા કેન્દ્ર ઉપર તે વિદ્યાર્થીઓને તેમાં સમાવેશ કરવો. તેનાથી વધુનું અંતર હોય તો આપવું તેમજ એક કેમ્પસમાં યુનિવર્સિટીની સંલગ્ન ૨ (બે) કોલેજ તથા મહાવિદ્યાલય ચાલતી હોય તો ત્યાં ૧ (એક) જ પરીક્ષા કેન્દ્ર ફાળવવું તેમ ઠરાવવામાં આવ્યું.

૨૫.૧૩ રીપીટર વિદ્યાર્થી કે કૃપાગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સુવર્ણપદક ન આપવા બાબત અંગે નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટી દ્વારા આજ નિર્ણય અગાઉની બેઠકમાં થઈ ગયેલ હોય તે મુજબ કામગીરી કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

૨૫.૧૪ પરીક્ષા કેન્દ્રો પર અનિવાર્ય સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા ગોઠવવા અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી જેમાં માનનીય કમિશ્નરશ્રીની કચેરી દ્વારા મહાવિદ્યાલયોને આ પ્રકારની ગ્રાંન્ટ આપે તેવો પત્ર યુનિવર્સિટી કક્ષાએથી પાઠવવો.

૨૫.૧૫ પરીક્ષાના મૂલ્યાંકનની કામગીરીમાં ફેરફાર કરવા અંગે ચર્ચા–વિચારણા કરતાં યુનિવર્સિટીની હાલની વર્તમાન પરીસ્થિતિ મુજબ જ રાખવું તે અંગે ઠરાવવામાં આવ્યું.

૨૫.૧૬ એમ.ફિલ.અને પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રહેવાની સુવિધા આપવા અંગે નિર્ણય કરવામાં આવ્યો કે જે એમ.ફીલ. અને પી.એચડી.ના વિદ્યાર્થીઓ રેગ્યુલર અભ્યાસ કરતા હોય તેજ વિદ્યાર્થીને હોસ્ટેલમાં રહેવાની સુવિધા આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

૨૫.૧૭ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રીચર્સ ઈન્સ્ટી.,અક્ષરધામ, દિલ્લી દ્વારા આયોજિત થનાર બ્રહ્મસુત્ર સ્વામીનારાણય ભાષ્યની શલાકા પ્રતિયોગિતામાં સહઆયોજક તરીકે યુનિવર્સિટીને જોડાવા આમંત્રણ મળેલ હોય તે અંગે વિચારણા કરવામાં અવી અને બી.એ.પી.એસ. સંસ્થા યુનિવર્સિટી સાથે રહીને સંયુકત ઉપક્રમે શલાકા પ્રતિયોગિતાનું આયોજન કરવા માંગતી હોય તો તેને માન્ય રાખી આગળનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૫.૧૮ શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય તરફથી ' ડિપ્લોમા ઈન નાટય/સંસ્કૃત નાટય પ્રયોગ ' અભ્યાસક્રમ શરૂ કરવા બાબતે ચર્ચા–વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે આ અંગે તમામ પાસાઓને ધ્યાને લઈ આગામી એકેડેમીક કાઉન્સિલમાં નિર્ણય અર્થે મુકવાનું નકકી કરવામાં આવ્યું.

૨૫.૧૯ સંસ્કૃત કોલેજ તથા અનુસ્નાતક ભવનનું ઉનાળુ વેકેશન એક સમાન કરવા બાબતે ચર્ચા–વિચારણા કરી નકકી કરવામાં આવ્યું કે યુનિવર્સિટીમાં બી.એ. તથા એમ.એ. અભ્યાસક્રમ સળંગ યુનિટ તરીકે ચાલી રહ્યું છે ત્યારે મૂલ્યાંકનની કામગીરીમાં પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈ યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજનું ઉનાળુ વેકેશન પણ અનુસ્નાતક વિભાગની જેમ રાખવાનું નકકી કરવામાં આવ્યું.



REGISTRAR
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)

Scanned with CamScanner

૨૫.૨૦ મહાનુભાવશ્રીઓનાં સુચનો :–

(૧) શ્રી ગોવિંદભાઈ પટેલ દ્વારા સુચન કરવામાં આવેલ કે યુનિવર્સિટી દ્વારા એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં મુકવામાં આવતી એજન્ડાની બાબતોમાં અગાઉ જે નિર્ણય લેવાઈ ગયા હોય તેનું પુનરાવર્તન ન કરવું તેમજ એજન્ડામાં જે બાબત મુકવામાં આવે તે માનનીય કુલપતિશ્રીની જે–તે ફાઈલમાં મંજૂરી મળ્યા બાદ જ રાખવામાં આવે તેમ સુચન કરવામાં આવ્યું જે સૌ મહાનુભાવો દ્વારા માન્ય રાખી તે પ્રકારની કામગીરી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

૨૫.૨૧ અધ્યક્ષ સ્થાનેથી :–

(૧) માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાનેથી બાબત રજૂ થઈ કે હાલ યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓનો સમય સવારે ૧૦:૩૦ કલાકથી સાંજે ૦૬:૦૦ સુધી નિયત કરવામાં આવેલ છે તે વધુ હોય યુ.જી.સી.ના નિયમાનુસારના કલાકોને ધ્યાને લઈ સમય નકકી કરવામાં આવે જે બાબતે સૌ મહાનુભાવોશ્રી દ્વારા સહમતી આપી.

બેઠકનાં અંતે કુલસચિવશ્રીએ સૌ મહાનુભાવશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)



Scanned with CamScanner

# श्री सोमनाथ संस्कृत यूनिवर्सिटी

एकेडमिक काउंसिल की 26 वीं बैठक तथा एग्जीक्यूटिव काउंसिल की 48 वीं बैठक की कार्यनोंध (दिनांक 26 दिसंबर 2017)

श्री सोमनाथ संस्कृत यूनिवर्सिटी की एकेडमिक काउंसिल की 26 वीं बैठक तथा एग्जीक्यूटिव काउंसिल की 48 वीं बैठक दिनांक 26 दिसंबर 2017 के रोज सुबह 11:00 बजे यूनिवर्सिटी में आयोजित की गई थी ।

इस बैठक में निम्न निर्दिष्ट महानुभाव उपस्थित रहे थे।

(१) माननीय कुलपतिश्री - अध्यक्ष श्री
(२) डो. कृष्ण प्रसाद निराला जी
(३) श्री मेहुल भाई भट्ट
(४) डो. मयूरी बेन भाटिया
(५) डो. दीपेश कतीरा
(६) प्रि.डो. वाचस्पति मिश्रा
(७) डो. डायाभाई पंचोली (शास्त्री जी)
(८) डो.हर्षदेव माधव
(९) डो.मेहुल भाई शाह
(१०)डो. विजय भाई पंड्या
(११)श्री गोविंद भाई पटेल
(१२)डो.गिरीशभाई ठाकर
(१३)डो. कमलेशकुमार चौकसी
(१४)डो. कांतिभाई भट्ट
(१५)डो. जयप्रकाश नारायण द्विवेदी
(१६)डो. शत्रुघ्न पाणिग्रही
(१७)डो. डी.एम. मोकरिया
(१८)डो. पंकज रावल
(१९)डो. महेंद्रकुमार दवे- कार्यकारी कुलसचिव

सर्वप्रथम कार्यकारी कुलसचिव श्री के द्वारा उपस्थित सभी महानुभावों का स्वागत किया गया और चर्चा विचारणा के अंत में सर्व अनुमति से निम्न निर्दिष्ट निर्णय लिए गए।

क्रमांक 22 डिप्लोमा इन नाट्यशास्त्र अभ्यासक्रम श्रीवरतन्तु संस्कृत महाविद्यालय में प्रारंभ करने के विषय में-

निर्णय- डिप्लोमा इन नाट्यशास्त्र अभ्यासक्रम श्रीवरतन्तु संस्कृत महाविद्यालय सोला में प्रारंभ करने की मान्यता दी गई।

क्रमांक 23 डिप्लोमा इन संगीत अभ्यासक्रम यूनिवर्सिटी कॅंपस पर आगामी सत्र से प्रारंभ करने के विषय में-

निर्णय- डिप्लोमा इन संगीत अभ्यासक्रम यूनिवर्सिटी परिसर में जून 2018 से प्रारंभ करने का सर्व अनुमति से निर्णय लिया गया

REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)

EXAM- 26

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી

## એકેડેમિક કાઉન્સીલની ૨૬મી બેઠક તથા એક્ઝીક્યુટીવ કાઉન્સિલની ૪૮મી બેઠકની કાર્યનોંધ

(તા.૨૬/૧૨/૨૦૧૭)

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલની ૨૬મી બેઠક તથા એક્ઝીક્યુટીવ કાઉન્સિલની ૪૮મી બેઠક તા.૨૬ ડિસેમ્બર,૨૦૧૭ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી
(૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ
(૪) ડૉ.મયુરીબેન ભાટીયા
(૫) ડૉ.દિપેશ કતિરા
(૬) પ્રિ.ડૉ.વાચસ્પતિ મિશ્રા
(૭) ડો.ડાહયાભાઈ પંચાલી (શાસ્ત્રીજી)
(૮) ડો.હર્ષદેવ માધવ
(૯) ડો.મેહુલભાઈ શાહ
(૧૦) ડો.વિજયભાઈ પંડયા
(૧૧) શ્રી ગોવિંદભાઈ પટેલ
(૧૨) ડો.ગીરીશભાઈ ઠાકર
(૧૩) ડો.કમલેશકુમાર ચોકસી
(૧૪) ડો.કાન્તિભાઈ ભટ્ટ
(૧૫) ડો.જયપ્રકાશ નારાયણ દ્વિવેદી
(૧૬) ડો.શત્રુઘ્ન પાણીગ્રહી
(૧૭) ડો.ડી.એમ.મોકરીયા
(૧૮) ડો.પંકજ રાવલ
(૧૯) ડો. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૦૧. કરેલ કામગીરીના અહેવાલ બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૨૮/૦૯/૨૦૧૭ થી ૨૨/૧૨/૨૦૧૭ સુધીના કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી તથા ઈ.સી.ની ૪૭મી બેઠક નવરાત્રીનો ઉત્સવ ચાલતો હોવાથી સભ્યોના અનુરોધને કારણે મીટીંગ સ્થગિત કરવામાં આવેલ હતી તેથી તેમાં થયેલ ઠરાવ નં.૪૭.૦૨ માં કોરમ રદ થવાને બદલે 'સ્થગિત' શબ્દનો પ્રયોગ કરવો એમ ઠરાવવામાં આવ્યું.

**૦૨. માન.કુલપતિશ્રીની પસંદગી માટેની સર્ચ કમિટીમાં નામ નકકી થવા બાબતે –**

**ઠરાવ :** માન.કુલપતિશ્રીની પસંદગી સમિતિમાં સત્તામંડળની સંયુકત બેઠકમાં સર્વાનુમતે ડો.ગિરિશભાઈ ઠાકરનું નામ મનોનિત કરવામાં આવ્યું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

## ૦૩. ભરતી સબબમાં મંગવવામાં આવેલ અરજીઓમાં આવેલ અરજીઓ બાબતે –

ઠરાવ : ભરતી સબબની આવેલ અરજીઓની સ્ક્રુટીની કરી નિયમાનુસારની ભરતી પ્રક્રિયા કરવાનું નકકી કરવામાં આવ્યું.

## ૦૪. શ્રી ભાવસિંહભાઈ બારડની નિયમિત નિમણૂંક બાબતે –

ઠરાવ : યુનિવર્સિટીમાં હિસાબનીશ તરીકે ફરજ બજાવતા શ્રી ભાવસિંહભાઈ બારડની ગુજરાત સરકારશ્રીના નિયમાનુસાર પાંચ વર્ષનો ફિકસ પગારનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી લાંબાગાળાની નિમણૂંક આપવાનું ઠરાવવામાં આવ્યું.

## ૦૫. કચેરી સુવિધાના ટેન્ડરનો સમયગાળા બાબતે –

ઠરાવ : યુનિવર્સિટીમાં કચેરી સુવિધા તથા સફાઈ કામગીરીનો સમયગાળો આગામી તા.૩૧/૧૨/૧૭નાં રોજ પૂર્ણ થતા તૈયાર કરેલ સંયુકત ઈ–ટેન્ડરની પ્રક્રિયાને બહાલી આપવામાં આવી તથા ઈ–ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી પાર્ટી નકકી ન થાય ત્યાં સુધી કાર્યરત પાર્ટીનો સમયગાળો લંબાવવા માટે ઠરાવવામાં આવ્યું.

## ૦૬. યુનિવર્સિટીના વિવિધ વિભાગોની જરૂરીયાત મુજબની ખરીદી બાબતે –

ઠરાવ : સદર બાબતે ખરીદીની પ્રક્રિયા હોઈ ખરીદ સમિતિમાં બાબત મુકી આવેલ ભલામણને નાણાં સમિતિની અનુમતિ લઈ આગામી ઈ.સી.માં મુકી ખરીદી કરવા ઠરાવવામાં આવ્યું.

## ૦૭. મોડરેશન પોલીસીમાં પૂર્વ થયેલ નિર્ણયમાં ફેરવિચારણા બાબતે –

ઠરાવ : મોડરેશન પોલીસીમાં એપ્રિલ–૨૦૧૭નાં સંલગ્ન મોડરેટશ્રીઓ દ્વારા ૧૫ ગુણ સુધી વધારો–ઘટાડો કરવાની સત્તા સર્વાનુમતે આપવામાં આવી.

## ૦૮. રેગ્યુલર થી બાહ્યમાં પ્રવેશમાં પૂર્વ થયેલ નિર્ણયમાં ફેરવિચારણા બાબતે –

ઠરાવ : જો કોઈ રેગ્યુલર વિદ્યાર્થીને સરકારી તથા ગ્રાન્ટેડ સંસ્થામાં નોકરી મળે તો આવા વિદ્યાર્થીઓ પાસેથી નોકરી સબબના જરૂરી આધાર પુરાવા મેળવીને રેગ્યુલરમાંથી બાહ્યમાં પ્રવેશ ટ્રાન્સફર કરી શકાશે. આવા કિસ્સામાં છેલ્લા સેમેસ્ટરમાં રાખેલ મોડ (રેગ્યુલર/બાહ્ય)ની માર્કશીટ તથા ડિગ્રી આપવી. તથા આવા કિસ્સામાં મેન્યુઅલ ફોર્મેટમાં માર્કશીટ તૈયાર કરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

## ૦૯. પીજીડીસીએ અભ્યાસક્રના ગ્રેસીંગના નિયમમાં ફેરવિચારણા બાબતે –

ઠરાવ : પીજીડીસીએમાં ૫૦ ગુણની થીયરીમાં ૫ (પાંચ) ગુણ સુધી ગ્રાહય ન રાખવા અને ૫ (પાંચ) ગુણથી વધુ ગુણમાં પરીવર્તન હોય તો ગ્રાહય રાખવો તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૧૦. National academic depositiory બાબતે

ઠરાવ : National academic depositiory બાબતે યુ.જી.સી.ના કરારના નમુના મુજબના કરાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૧૧. ડિપ્લોમાં અભ્યાસક્રમમાં રીપીટર વિદ્યાર્થીઓને પરીક્ષા લેવા તથા માર્કશીટ ઈસ્યુ કરવા બાબતે –**

ઠરાવ : ડિપ્લોમાં અભ્યાસક્રમમાં રીપીટર વિદ્યાર્થીઓ જે વિષયમાં નાપાસ હોય તેજ વિષયની રીપીટર પરીક્ષા આપી શકશે તથા સદર બાબતે જુલાઈ–૨૦૧૭ની પરીક્ષામાં આવા વિદ્યાર્થીઓને કેરી ફોરવર્ડનો લાભ આપી નવી માર્કશીટ ઈસ્યુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૧૨. એનરોલમેન્ટ લેઈટ ફી નકકી કરવા બાબતે –**

ઠરાવ : એનરોલમેન્ટની છેલ્લી તારીખ ૩૧–જુલાઈ રાખવી ત્યાર બાદ ૧૫ દિવસ લેઈટ ફી સાથે સ્વિકારવા તેમજ લેઈટ ફી નકકી કરવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

**૧૩. પારિતોષિકના કાયમી દાતાશ્રીઓની પોલીસી નકકી કરવા બાબતે –**

ઠરાવ : યુનિવર્સિટીમાં દાન આપવા માટે કાયમી દાતાને ૮૦જી સર્ટીફિકેટ આપવું જરૂરી હોય તો જ કાયમી દાતા દાન આપી શકે જેથી યુનિવર્સિટી દ્વારા ૮૦જી સર્ટીફિકેટ આપવા માટે કરવાની થતી કાર્યવાહી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

**૧૪. નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ તથા એચ.એસ.સી.ની પ્રવેશ સમકક્ષતા બાબતે–**

ઠરાવ : નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ તથા એચ.એસ.સી. (ધો.૧૨)ની સમકક્ષ ગણી પ્રવેશ આપવા માન્યતા આપવામાં આવી.

**૧૫. વિષય નિષ્ણાંતશ્રીઓના માનદ્ પુરસ્કારની રકમમાં વધારો કરવા બાબતે –**

ઠરાવ : વિષય નિષ્ણાંતશ્રીઓને માનદ્ પુરસ્કાર રૂા.૨૫૦/– ની જગ્યાએ રૂા.૫૦૦/– આપવાનું નકકી કરવામાં આવ્યું.

**૧૬. પ્રવેશ તથા પરીક્ષા ફી એડવાન્સમાં ન સ્વિકારવા બાબતે –**

ઠરાવ : પ્રવેશ તથા પરીક્ષા ફી યુનિવર્સિટી દ્વારા નકકી કરાયેલ છેલ્લી તારીખ સુધીમાં ફી તથા ફોર્મ સ્વિકારવા અને એડવાન્સ ફી સ્વિકારવી નહીં તેમ નકકી કરવામાં આવ્યું.

**૧૭. રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીના કોલેજ ટ્રાન્સફરમાં ડેટા કેરીફોરવર્ડ કરવા બાબતે –**

ઠરાવ : રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીઓને કોલેજ ટ્રાન્સફર કરવા માટે અગાઉના સેમેસ્ટર પાસ કરેલ હોવા જોઈએ. જેથી વિદ્યાર્થીના ડેટા કેરી ફોરવર્ડ કરવામાં મુશ્કેલી રહે નહી.

૧૮. રીપીટર વિદ્યાર્થીઓમાં જે સત્રની પરીક્ષા આપવાની હોય તે સત્રનું અગાઉ રેગ્યુલર તરીકે પરીક્ષા ફોર્મ ભરેલુ હોવું અન્યથા રેગ્યુલર તરીકે ગણવા બાબતે –

ઠરાવ : વિદ્યાર્થી જે સત્રની રીપીટર પરીક્ષા આપે તે સત્રનું અગાઉ રેગ્યુલર તરીકે પરીક્ષા ફોર્મ ભરેલું હોવું જોઈએ અન્યથા રેગ્યુલર ગણવો. વધુમાં વધુ ત્રણ વર્ષનો જ ગેપ માન્ય ગણવો તેમ નકકી કરવામાં આવ્યું.

**૧૯. ડિપ્લોમાં રંગમંચ અભ્યાસક્રમની નિર્ધારિત ફીને બહાલી આપવા બાબતે –**

ઠરાવ : ડિપ્લોમાં અભ્યાસક્રમની ફી રૂા.૪૦૦૦ + ૪૦૦૦ મળી કુલ ફી રૂા. ૮૦૦૦/– નિર્ધારિત કરવામાં આવી જેમાં યુનિવર્સિટીને પ્રતિ વર્ષ રૂા.૧૨૦૦/– આપવાની રહેશે. જયારે બાકીની રકમ સંસ્થાના નિભાવ / સંચાલન ખર્ચ માટે નિર્ધારિત કરવામાં આવી સદર નકકી કરેલ ફી ને બહાલી આપવામાં આવી.

**૨૦. ૧૦માં પદવીદાન સમારોહ આયોજન બાબતે –**

ઠરાવ : યુનિવર્સિટીમાં હાલ રીનોવેશનની કામગીરી ચાલુ હોઈ અધ્યક્ષશ્રીના નિર્દેશાનુસાર આગામી માર્ચ–૨૦૧૮માં ૧૦માં પદવીદાન સમારોહનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.

**૨૧. પી.એચ.ડી.નાં માર્ગદર્શકશ્રીની માન્યતા બાબતે –**

ઠરાવ : પી.એચ.ડી.નાં માર્ગદર્શકશ્રીને કમિટીની ભલામણને ધ્યાને લઈ યુ.જી.સી. નિયમાનુસાર માન્યતા આપવી એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૨૨. ડીપ્લોમાં ઈન નાટય શાસ્ત્ર અભ્યાસક્રમ શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલયમાં શરૂ કરવા બાબતે –**

ઠરાવ : ડીપ્લોમાં ઈન નાટય શાસ્ત્ર અભ્યાસક્રમ શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય, સોલામાં શરૂ કરવાની માન્યતા આપવામાં આવી.

**૨૩. ડિપ્લોમાં ઈન સંગીત અભ્યાસક્રમ કેમ્પસ પર આગામી સત્રથી શરૂ કરવા બાબતે –**

ઠરાવ : ડિપ્લોમાં ઈન સંગીત અભ્યાસક્રમ યુનિવર્સિટી પરીસર ખાતે જુન–૨૦૧૮થી શરૂ કરવો એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૨૪. શ્રી બ્રહ્મર્ષિ સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલય, કિલ્લા પારડીને મહાવિદ્યાલયની માન્યતા બાબતે –**

ઠરાવ : શ્રી બ્રહ્મર્ષિ સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલય, કિલ્લા પારડીને શાસ્ત્રી પ્રથમ વર્ષની જુન–૨૦૧૭ મહાવિદ્યાલયની માન્યતા આપવામાં આવેલ છે જેમને બહાલી આપવમાં આવી તેમજ સદર સંસ્થા યુ.જી.સી. માન્ય ડિગ્રી વાળાજ અધ્યાપકોની ભરતી કરવી તેમ અધ્યક્ષ સ્થાનેથી નકકી કરવામાં આવ્યું. સ બાબતે સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૨૫. **BAPS સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરમાં ચાલતા ડિપ્લોમાં એન.આર.આઈ. અભ્યાસક્રમના બદલાવેલ નામની બહાલી બાબતે –**

ઠરાવ : BAPS સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરમાં ચાલતા ડિપ્લોમાં એન.આર.આઈ. અભ્યાસક્રમના બદલાવેલ નામને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૨૬. **અગાઉની એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં નિર્ણય થયા અનુસાર ભાડાથી ચાલતા સ્ટડી સેન્ટર ચલાવવા અંગે નિર્ણય કરવા બાબતે –**

ઠરાવ : ગત એકેડેમીક કાઉન્સિલના ઠરાવ નં.૨૫.૦૩ થી નક્કી થયેલ નિર્ણય અનુસાર નિયમોનુસારની કામગીરી કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૭. **આગામી શૈ.વર્ષ ૨૦૧૮–૧૯નાં વર્ષ માટે નવી મહાવિદ્યાલય/પી.જી.ડી.સી.એ./ ડિપ્લોમાં કેન્દ્ર શરૂ કરવા માટે જાહેરાત બાબતે –**

ઠરાવ : શૈ.વર્ષ ૨૦૧૮–૧૯ માટે નવા જોડાણની જાહેરાત આપી નિયમાનુસારની કાર્યવાહી કરવા નક્કી કરવામાં આવ્યું.

૨૮. **યુનિવર્સિટી દ્વારા આર્ષ સંશોધન કેન્દ્રનાં ડો.ભદ્રેશ સ્વામીને સમ્માન આપેલ તેની મંજૂરી મેળવવા બાબતે –**

ઠરાવ : આ મુદ્દે ચર્ચા ન કરવા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૨૯. **PGDCA અભ્યાસક્રમના નામની નીચે નાના અક્ષરમાં with sanskrit રાખવા માટે શૈ.વર્ષ ૨૦૧૮–૧૯ થી અમલીકરણ કરવા બાબતે –**

ઠરાવ : PGDCA અભ્યાસક્રમના નામની નીચે નાના અક્ષરમાં with sanskrit રાખવું તથા તેની અમલવારી આગામી શૈ.વર્ષ ૨૦૧૮–૧૯ થી કરવી તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

૩૦. **પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમમાં સ્ટડી સેન્ટર દ્વારા ભરાયેલ જોડાણ ફી પરત કરવા નિર્ણય કરવા બાબતે –**

ઠરાવ : પીજીડીસીએ અભ્યાસક્રમમાં સ્ટડી સેન્ટરો દ્વારા ભરાયેલ જોડાણ ફી યુનિવર્સિટી દ્વારા પરત કરવાની રહેતી નથી. તેમજ હવેથી સદર બાબતનો ઉલ્લેખ જોડાણના નિયમોમાં કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

**૩૧. પ્રકાશન સમિતિની તા.૧૫–૦૭–૨૦૧૭ની બેઠકની ભલામણો સૈધ્ધાંતિક મંજૂરી બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટીની પ્રકાશન સમિતિની તા.૧૫/૦૭/૨૦૧૭ની બેઠકની ભલામણો માન્ય રાખવામાં આવી તેમજ મહાવિદ્યાલય / કોલેજ / યુનિવર્સિટીના અધ્યાપકોના પુસ્તક છાપકામની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચન કરવામાં આવ્યું.

**૩૨. Ph.D. Registration Form મંજૂરી બાબતે –**

**ઠરાવ :** Ph.D. માં યુ.જી.સી.ના વખતો–વખતના નિયમાનુસાર સુધારા–વધારા સાથેનું Ph.D. Registration Form મંજૂર રાખવામાં આવ્યું તેમજ હવેથી સદર ફોર્મનો ઉપયોગ કરવો તેમ ઠરાવવામાં આવ્યુ.

**૩૩. મહાનુભાવોના સૂચનો.**

**ઠરાવ :** અત્રેની યુનિવર્સિટીના માન.કુલપતિશ્રીને સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના આ વર્ષના દિક્ષાંત સમારોહમાં મુખ્યાતિથિ પદે દિક્ષાંત પ્રવચન આપવા નિમંત્રણ મળેલ તે બદલ સૌ મહાનુભાવો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા.

**૩૪. અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે –**

**ઠરાવ :** અધ્યક્ષ સ્થાનેથી સૌ મહાનુભાવાનો આભાર માનવામાં આવ્યો.

કા.કુલસચિવ

REGISTRAR,
Shree Somnath Sanskrit University
Veraval, Dist. Junagadh (Gujarat)